## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આને મે કીધુ હતું કે ભગવાનનું નામ લે તો સ્વર્ગમાં જઈશ.. આણે નેતાનું નામ લીધુ અને જેલમાં જવાના દા'ડા આવ્યા..!!

# ગ્રાહકોના આધારકાર્ડથી એરટેલ કંપનીના સીમકાર્ડ બારોબાર વેચનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર -દહેગામમાં એરટેલ કંપનીમાં એજન્ટ તરીકે નોકરી કરતા માસ્ટર માઈન્ડ દ્વારા વિવિધ જગ્યાએ છત્રી લઈને ઉભા રહી સીમકાર્ડ ખરીદતા ગ્રાહકોના આધારકાર્ડ મેળવી કસ્ટમર એપ્લિકેશન ફોર્મમાં બીજીવખત તેનો ઉપયોગ કરી અન્ય નાગરીકોના ફોટા લગાવી બીજુ સીમકાર્ડ એકટીવ કરાવી આપવાનો રેકેટનો પર્દાફાશ થયો છે. આ શખ્સે અત્યાર સુધીમાં ૨૯ ગ્રાહકોના નામે બારોબાર અન્ય શખ્સોને સીમકાર્ડ વેચી દેવામાં આવતા સીમકાર્ડ ખરીદી કરતા ગ્રાહકોએ સાવચેત રહેવાની ખાસ જરુર છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એસઓજી પીઆઈ આર.આર.પરમારની ટીમ દહેગામ એમ.જી.અમીન કોમ્પ્લેક્ષ ખાતે આધ્યશકિત કિરાણાની દુકાને જઈ તપાસ કરતા ડીસ્ટ્રીબ્યુટર દુકાનનુ નામ હર્ષ ટેલીકોમ હોવાનું ધ્યાને આવ્યું હતું. જયાં વર્ષ ૨૦૧૯-૨૦૨૦ દરમિયાન એરટેલ કંપનીના સીમકાર્ડ વેચાણ માટે મયુર પુરષોતમ રાઠોડને પી.ઓ.એસ. તરીકે નોકરી કરતો હતો. જે ગાંધીનગર જિલ્લાના વિવિધ વિસ્તારમાં છત્રી લઈને સમીકાર્ડ વેચાણ કરતો હતો.આ માસ્ટર માઈન્ડ મયુર રાઠોડ ડીસ્ટ્રીબ્યુટરને આપવામાં આવેલ ડેમો નંબરનો ઉપયોગ કરી એરટેલ કંપનીની મિત્રા એપ્લીકેશનમાં રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ આ એપલીકેશનનું એકસેસ પીઓએસ નું આપી સીમકાર્ડ ખરીદી કરવા આવતા ગ્રાહકના આધાર પુરાવા લઈ પીઓએસ મિત્રા મોબાઈલ એપમાં કસ્ટમરએપ્લીકેશન ફોર્મ સીએએફ ભરી સીમકાર્ડ એકટીવ કરી દેતો હતો. આ માટે કંપની રૂ.૮ હજાર પગાર આપતી હતી. પોલીસે યુવકની વધુ પુછતાછ કરતા કસ્ટમ એપ્લીકેશન ફોર્મ પણ બારોબાર એરટેલ કંપનીની એપમાં અપલોડ કરતો હતો. તે કંપનીની મિત્રા એપ્લીકેશનમાં અપલોડ કરી સીમકાર્ડ વેચવા માટે જિલ્લાની વિવિધ જગ્યા પર જતો હતો. જયારે સીમકાર્ડ વેચાણ માટે પણ કંપની દ્વારા અવનવી સ્કિમો રાખવામાં આવી હતી.જેથી સીમકાર્ડ ખરીદી માટે આવતા ગ્રાહકોને માત્ર એક જ સીમકાર્ડની માંગ કરતા હોય તેવા ગ્રાહકને એક સીમકાર્ડ એકટીવ કરી આપતો હતો. જયારે બીજા સીમકાર્ડમાં ગ્રાહકની જાણ વિના આધારકાર્ડનો ફોટો પાડી મિત્રા એપ્લીકેશનમાં પોતાના મોબાઈલ ફોનથી ઓનલાઈન કસ્ટમર એપ્લીકેશન ફોર્મ સીએએફ અપલોડ કરતો હતો અને ગ્રાહકના ફોટાની જગ્યાએ પોતાનો ફોટો પાડી તેમજ પીઓએસ એજન્ટ તરીકે પોતાના સગા સબંધી અને મિત્રોના લાઈવ ફોટા અપલોડ કરીને ઓનલાઈન વેરીફિકેશન કરાવી બીજુ સીમકાર્ડ કાર્યરત કરતો હતો. ત્યારપછી સીમકાર્ડ અન્ય ગ્રાહકને આપી દેતો હતો. આ એમઓ થી અત્યાર સુધીમાં આ યુવકે ૨૯ સીમકાર્ડ અન્યોને બારોબાર વેચી દીધા હતા.જેથી એસઓજી પોલીસે દહેગામમાં કેસ નોંધાવી આગળની તપાસ હાથ ધરી છે.

## ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટટયુટ ખાતે મોકડ્રીલ યોજાઈ



ગાંધીનગર શહેરને આંગણે આવેલી ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટટયુટ ઓફ ઈન્ફરમેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી ખાતે વિદ્યાર્થી ભાઈ બહેનોને ફાયરની પ્રાથમિક તાલિમ સબ ફાયર ઓફિસર કે.જે.ગઢવી દ્વારા આપવામાં આવી હતી. તે ઉપરાંત ડીએઆઈઆઈસીટી ખાતે ફાયર વિભાગની ટીમ દ્વારા મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. ફાયર સપ્તાહ અંતર્ગત વિવિધ જગ્યાઓ પર જઈ નાગરીકોમાં ફાયર અવેરનેસ આવે તે માટે ફાયર તાલિમનું આયોજન કરવામાં આવે છે.

# કલોલની ગુલીસ્તા સોસાયટીમાંથી ગાંજાનો ૯૧૭ ગ્રામ જથ્થો ઝડપાયો

ગાંધીગનર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરની ગુલીસ્તા સોસાયટીના મકાનમાંથી એસઓજી પોલીસે ૯૧૭ ગ્રામ ગાંજાના જથ્થા સાથે એક શખ્સનો પકડી પાડયો છે.જયારે આ ગાંજાના જથ્થો કડીના શખ્સો આપ્યો હોવાનું ધ્યાનો આવતા એસઓજી એ બંન્ને સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એસઓજી પીઆઈ આર.આર.પરમારની ટીમનો બાતમી મળી હતી કે કલોલના રહીમપુરા ગુલીસ્તા સોસાયટીમાં રહેતો લાલ મહંમદ ઈબ્રાહીમભાઈ અજમેરી પોતાના રહેણાંક મકાનમાં ગાંજાનો જથ્થો રાખી છુટક વેચાણ કરે છે.જેથી એસઓજી પોલીસે બાતમીવાળી જગ્યા પર દરોડો પાડ્યો હતો. પોલીસને ઘરમાંથી ૫૯ વર્ષિય લાલમહંમદ અજમેરીને પકડી પાડી ઘરમાં તપાસ કરતા એક પ્લાસ્ટીકના થેલામાંથી ગાંજા જેવા માદક પદાર્થનો જથ્થો મળી આવ્યો હતો.

જેને પગલે એફએસએલની ટીમને બોલાવી પૃથ્થકરણ કરાવતા પ્રાથમિક રીતે પ્રતિબંધિત ગાંજો હોવાનું સાબિત થયુ હતું. જે અંગે લાલ મહંમદની પુછપરછ કરતા આ ગાંજો મહેસાણા જિલ્લાના કડી ખાતે રહેતા વસીમ દિવાને આપી ગયો હતો. જયારે તેઓ છુટક વેચાણ કરતા હતા તેની કબુલાત કરી હતી. જયારે પોલીસે ગાંજા જથ્થાનું વજન કરતા ૯૧૭ ગ્રામ ની કિંમત.૯૧૭૦ ની કિંમતનો ગાંજો હોવાનું ફલીત થયું હતું. એસઓજી પોલીસે ગાંજાનો જથ્થો તેમજ એક મોબાઈલ ફોન મળી કુલ રૂ.૯,૬૭૦ નો મુદ્દામાલ જપ્ત કરી કડીના વસીમ દિવાન સામે પણ એનડીપીએસ એકટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જિલ્લા વિકાસ અધિકારીએ સીએચસી દહેગામ સીએમટીસીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લો કુપોષણ મુક્ત બને અને તમામ બાળકો અને માતાઓ સુપોષિત થાય તેવા ઉમદા હેતુસર જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગાંધીનગર જિલ્લાના ચાર સીએમટીસી, એનઆરસી સેન્ટરોમાં વધુમાં વધુ બાળકો એડમિટ કરાવવા ના ભગીરથ કાર્યની શરૂઆત કરેલ છે.જે અન્વયે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સીએચસી દહેગામ ખાતેના સીએમટીસી ખાતે મુલાકાત કરવામાં આવી હતી. જેમાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી , દહેગામ સીએચસી સુપ્રિટેન્ડેન્ટ,તાલુકા આરોગ્ય અધિકારી ઉપસ્થિત રહ્યા હતા. આ મુલાકાત દરમ્યાન જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સીએમટીસીમાં એડમિટ થતા બાળકોને અપાતા પોષણયુક્ત આહારમાં આયુર્વેદને પણ સામેલ કરી બાળકો અને માતાઓને વધુમાં વધુ પોષક તત્વો મળી રહે અને બાળક કુપોષણમાંથી સુપોષિત બને તેવું જણાવ્યુ હતું.વધુમાં જિલ્લા વિકાસ અધિકારી દ્વારા બાળકોની સાથે તેમની માતાઓની પણ ચિંતા કરી સીએમટીસીમાં એડમિટ થતા બાળકોની માતાઓનું પણ ગાયનોકોલોજિસ્ટ ડોકટર દ્વારા



સ્ક્રિનિંગ કરી પ્રાથમિક તપાસ કરી તેઓની પણ સારવાર માટે સૂચન કર્યું હતુ ઉપરાંત સીએચઓ દ્વારા માતાઓનું કાઉન્સિલિંગ કરી યોગ માટે શિબિર યોજવા તેમજ ફિઝિયોથેરાપીસ્ટ દ્વારા માતાઓને જે તકલીફ હોય તેના માટે કસરત કરાવવા સૂચના આપવામાં આવી હતી.આ ઉપરાંત ૧૪ દિવસ દરમિયાન માતાને હાથ ધોવાની પદ્ધતિ વિશે, બાળકોના યોગ્ય પ્રારંભિક વિકાસ માટે માતા તરફથી આપવામાં આવતા પ્રોત્સાહન વિશે, સ્તનપાનની યોગ્ય પદ્ધતિ, રાંધવાની યોગ્ય પદ્ધતિ, બાળકને આપવામાં આવતા પૌષ્ટિક આહાર વિશેની ચર્ચા તેમજ માદા બાળકની સંભાળ વિશે માતાના કાઉન્સિલિંગ સેશન હાથ કરવામાં આવશે. દહેગામ ખાતે ૧૬ બાળકો એડમિટ કરેલ છે. ઝડપથી ગાંધીનગર જિલ્લા માંથી કુપોષણ દૂર કરવા માટેની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં નવનિયુક્ત મામલતદારોની અને નવા ટી.ડી.ઓ.ને સ્વાગત કાર્યક્રમ અંગે તાલિમ આપવામાં આવી રહી છે.
- ગાંધીનગર શહેરમાં હીટવેવની અસરો સામાન્ય જનજીવન પર પડતી જોવા મળી રહી છે.
- ગાંધીનગર જિલ્લાની લેન્ડ ગ્રેબિંગ એકટ અમલીકરણની આજે કલેક્ટર કચેરીમાં બેઠક યોજાઈ હતી.
- ૧૫મા નાણાંપંચ અંતર્ગત થયેલી કામગીરીની આજે નાયબ જિલ્લા વિકાસ અધિકારીએ સમીક્ષા બેઠક યોજી હતી.
- અખિલ ભારતીય નાગર પરિષદ ગાંધીનગર દ્વારા ૩૦મી એપ્રિલના રોજ ઉપનયન સંસ્કાર મહોત્સવનું આયોજન કરાયુ છે.
- કલોલના રકનપુર ગામ પાસે નોકરીથી પરત ઘરે જઈ રહેલા યુવકને અજાણ્યા બાઈકચાલકે ટક્કર મારતાં અકસ્માત થયો છે.
- દહેગામમાં દસ્તાવેજોનો દુરૂપયોગ કરીને સીમકાર્ડ લેનાર સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.
- માણસા એ.પી.એમ.સી.માં વેપારી વિભાગની ૪ બેઠકો પૈકી ૩ પર ભાજપ પ્રેરિત પેનલના ઉમેદવારો વિજયી થયા છે.
- ચંદ્રાલા ગામે પોલીસે બસમાં બેઠેલા ઈસમ પાસેથી વિદેશી દારૂની બોટલો ઝડપી પાડી છે.
- શેરીસા ગામ નજીક થયેલ માર્ગ અકસ્માતમાં એકનું મોત થયુ છે.
- નારદીપુરમાં ગઠિયાએ ગાડીનો પાછળનો દરવાજો ખોલી લેપટોપ ચાર્જર હાર્ટડ્રાઈ જેવી વસ્તુઓ ચોરી ગયાની ફરિયાદ નોંધાઈ છે.
- કલોલમાં ત્રણ શખ્સોએ સામાન્ય બાબતે એક યુવકને માર માર્યો.
- કલોલમાં આઈ.પી.એલ. મેચ પર સટ્ટો રમતો ઈસમ ઝડપાયો.
- કલોલમાં યુવાને ઘરમાં મુકેલો મોબાઈલ ગઠિયો ચોરી પલાયન થયાની ઘટના નોંધાઈ છે.
- હાલીસાથી દહેગામ તરફ જતી રિક્ષાને ડાલાના ચાલકે ટક્કર મારતાં અકસ્માત થયો છે.
- દહેગામના કેશરપુરા ખાતે બે યુવકો પર મહિલા સહિત ત્રણ શખ્સોએ હુમલો કર્યો છે.
- ભાજપના પૂર્વ મહામંત્રી આઈ.બી. વાઘેલા પર હુમલો કરનારાઓની ધરપકડ કરવામાં આવે તેવી માંગ વાઘેલાએ કરી છે.
- કલોલમાં મહાપ્રભુજીની શોભાયાત્રાનું આયોજન કરાયુ હતુ.

# શહેરના ઘ-૫ થી ચ-૫ તરફ જતા માર્ગ પર ટ્રાફિક સમસ્યા વકરી

**ઘ- ૫ થી ૧૭-૨૨ તરફ જતા માર્ગ પર પાંચ જેટલા કોમ્પ્લેક્ષમાં હોસ્પિટલ, કલીનીક, ઓફિસ, વિવિધ દુકાનો, સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસીસનો પણ સમાવેશ**

ગાંધીનગર,તા.૧૮


ગાંધીનગર શહેરના ઘ-૫ થી ચ-૫ તરફ જતા માર્ગ પર ટ્રાફિક સમસ્યા વકરી છે. આ માર્ગ પર કોમર્શીયલ કોમ્પ્લેક્ષ હોવાથી વિવિધ દુકાનો, હોસ્પિટલ, ઓફિસો આવેલી છે. જેથી આ માર્ગ ચોવીસ કલાક ધમધમતો રહે છે. છેલ્લા કેટલાક સમયથી આ માર્ગ પર ટ્રાફિકની સમસ્યા વકરી છે. ત્યારે હાલ મેટ્રો ટ્રેનનું કામ ચાલતુ હોવાથી આ માર્ગ પર ગાડીઓનો આડેધડ ખડકલો જામે છે.

મળતી વિગત મુજબ શહેરના મુખ્ય ઘ માર્ગ નજીક ઘ-૫ અને તેની આસપાસના વિસ્તારમાં કોમર્શિયલ કોમ્પ્લેક્ષ હોવાથી આ વિસ્તારમાં સતત નાગરીકોની અવરજવર થતી રહે છે. ઘ- ૫ થી ૧૭-૨૨ તરફ જતા માર્ગ પર પાંચ જેટલા કોમ્પ્લેક્ષ આવેલા છે.જેમાં હોસ્પિટલ, કલીનીક, ઓફિસ, વિવિધ દુકાનો, સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસીસનો પણ સમાવેશ થાય છે. સામાન્ય દિવસોમાં પણ આ માર્ગ પર ભીડભાડ રહેતી હતી. વેપારીઓ તેમજ આવનાર નાગરીકોને વાહન કયાં પાર્ક કરવુ તે પ્રશ્ન હંમેશા સતાવતો હતો.

ત્યારે હાલના સમયે આ કોમ્પલેક્ષના વેપારીઓ તેમજ દુકાનદારોને પોતાના વાહન ઘ-૫ સુધી પાર્ક કરવા જવુ પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. માર્ગ પર આડેધડ વાહનો પાર્ક થતા અન્ય વાહનચાલકને પસાર થવુ પણ મુશ્કેલ બન્યું છે. શહેરના આ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી. ત્યારે હવે તેમાં વધુ મુશ્કેલીરૂપ મેટ્રો ટ્રેનનુ કામ ચાલતુ હોવાથી રોડ પર આડશ માટે પતરા ગોઠવાઈ ગયા છે. જેથી રોડ સાંકળો થઈ ગયો હોવાથી વાહનચાલકોને પણ હેરાનગતિનો સામનો કરવો પડે છે.

જયારે બીજીતરફ આ માર્ગ પર રોજ નાનામોટા અકસ્માતના બનાવો પણ સામે આવે છે. ત્યારે આ માર્ગ પર ટ્રાફિકની સમસ્યા વકરતા નાગરીકો સહિત વ્યકિતઓ પણ હેરાન થઈ ગયા છે.

# વીગન આઉટ રીચ દ્વારા ફૂડ - પ્લેનેટ – હેલ્થ વેબિનાર યોજાયો




ગૂજરાત વિદ્યાપીઠની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા આજાદી અમૃત મહોત્સવ અંતર્ગત અને જી ૨૦ અંતર્ગત વીગન આઉટ રીચ દ્વારા ફૂડ - પ્લેનેટ – હેલ્થ વેબિનાર ૨૨૦ અન્તર્ગત કાર્યક્રમમાં યોજાયો જેમાં ભારત સરકારનાં યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય સાથે જોડાયેલી એન જી ઓ વીગન આઉટ રીચની કોર્ડિનેટર, ઈન્ડિયા સ્પીકર તરીકે હાજર રહી હતી અને ગૂજરાત વિદ્યાપીઠનાં વિવિધ વિભાગોનાં લગભગ ૨૦૦ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા અને કેવી રીતે આપણે ફૂડ ચોઈસ બદલીને આખી પ્લેનેટને જીવન જીવા માટે સરસ બનાવી શકીએ છીએ વીગન આઉટ રીચ સંસ્થા આખા વિશ્વનાં ૫૧ દેશોમાં આ રીતેન કાર્યક્રમનું આયોજન કરે છે અને શાકાહારી ભોજનનાં ફાયદાઓ અને શાકાહારી ભોજનનાં પર્યાવરણ સાથે સંબંધની વાતો દ્વારા યુવાઓ અને લોકોને જાગૃત્ત કરે છે કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ આપ્યું હતું.

કાર્યક્રમની ભૂમિકા વિષય ડૉ. અરુણ ભાઈ ગાંધીએ વાતકરી હતી મુખ્ય વકતા તરીકે નીજા વિગન કોર્ડિનેટર વિગન આઉટ રીચ, ઈન્ડિયાએ પોતાનું પ્રવચન આપ્યું હતુ ડૉ. અરવિંદ રામી, શ્રી દિનેશ ઉપદલા અને બધાજ અધ્યાપકો સક્રિય તરીકે કાર્યક્રમને સફળ બનાવવામાં પોતાની વિશેષ ભૂમિકા ભજવી હતી.

# દહેગામ તાલુકાની વિકાસકીય યોજનાઓની સમીક્ષા બેઠક

**વહીવટી તંત્ર અને જન પ્રતિનિધિઓ ખભેથી ખભો મિલાવી કામ કરશે, તો જ યોજનાકીય લાભો અને તમામ પ્રશ્નોનું સરળતાથી ઉકેલ આવશે : સાંસદ હસમુખ પટેલ**

જિલ્લા તંત્ર અને જન પ્રતિનિધિઓને જાગૃત કરવાનો ઉમદા ભાવ આ બેઠક પાછળનો છે, તેવું દહેગામ તાલુકા વિકાસકીય સમીક્ષા બેઠકમાં અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલે જણાવ્યું હતું.

દહેગામ તાલુકામાં કેન્દ્ર અને રાજય સરકારની સાત જેટલી ફ્લેગશીપ યોજનાઓ સહિત અન્ય યોજનાઓમાં થયેલી કામગીરી અને આગામી સમયમાં વિવિધ યોજનાઓના આયોજન પર ચર્ચા- વિમર્શ કરવા દહેગામ મામલતદાર કચેરી ખાતે તાલુકાની વિકાસકીય યોજના બેઠકનું આયોજન સાંસદ શ્રી હસમુખ પટેલની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. આ બેઠકના આરંભમાં સાંસદ શ્રી હસમુખ પટેલે જણાવ્યું હતું કે, ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ અને વહીવટી પાંખ પ્રોએક્ટિવ બનીને પ્રોએક્ટિવ ગવર્મેન્ટનું દ્રષ્ટાંત પૂરું પાડવાનું છે. જનધન, પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજના, નલ સે જલ, ઉજ્જવલા, વૃદ્ધ નિરાધાર સહાય યોજના, ગંગાસ્વરૂપા યોજના, જીવન કિરણ વીમા યોજનામાં દહેગામ તાલુકાને સેચ્યુરિટ બનાવવાનો છે. આ કાર્ય ત્યારે જ શક્ય બને કે જ્યારે વહીવટી તંત્ર અને જન પ્રતિનિધિઓ ખભેથી ખભો મિલાવી તાલુકામાં કામ કરશે. સરકારની વિવિધ ફ્લેગશીપ યોજનાઓથી કોઈ સાચો લાભાર્થી વંચિત ના રહી જાય તે માટે જન પ્રતિનિધિઓએ સ્થાનિક વહીવટી તંત્ર સાથે પણ સતત સંપર્કમાં રહેવું પડશે. સાચા લાભાર્થીને સરળતાથી યોજનાનો લાભ મળે તેવું સુચારુ આયોજન ગોઠવવા પણ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે, દહેગામ તાલુકાની વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને પૌષ્ટિક અને સ્વાદિષ્ટ ભોજન નજીકના ભવિષ્યમાં અક્ષયપાત્ર થકી લાભ મળે તે માટેનો સુચારું આયોજન આગામી ટુંક સમયમાં કરવામાં આવશે. તેમણે જિલ્લા પંચાયત હસ્તકના ગ્રામ્ય કક્ષાના રોડ રસ્તાઓ ટૂંક સમયમાં યોગ્ય કરી દેવા પણ સંબંધ અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે ઉમેર્યુ હતું કે, દહેગામ નગરપાલિકા વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યાના ત્વરિત ઉકેલ માટે પણ સુચારું આયોજન કરવા આવશે. ઔડા અને જિલ્લા વહીવટી તંત્રની સંયુક્ત બેઠકનું આયોજન પણ કરવામા આવશે, તેવું જન પ્રતિનિધિઓને જણાવ્યું હતું. તેની સાથે દહેગામ નગરપાલિકા વિસ્તારમાં આ સાત યોજનાઓનો લાભ કોઈ લાભાર્થી વંચિત ના રહે તેમજ નગરપાલિકા વિસ્તારમાં ગટર વ્યવસ્થાની કામગીરી પણ યોગ્ય કરવા માટે ખાસ જણાવ્યું હતું. આ બેઠકમાં તાલુકા અને નગરપાલિકાના સ્થાનિક પદાધિકારીઓ અને લોક પ્રતિનિધિઓના પ્રશ્નને પણ સાંસદશ્રીએ શાંતિથી સાંભળ્યા હતા. તેમજ જિલ્લા સ્તરીએ ઉકેલ આવી શકે તેવા પ્રશ્નોના ત્વરિત ઉકેલ લાવવામાં આવશે એવું પણ તેમણે જણાવ્યું હતું. દહેગામ શહેરમાં બનતી ચેન સ્નેચીંગ, પાકીટ ચોરી કે અન્ય ગુનાહિત પ્રવૃત્તિને રોકવા માટે સી.સી.ટીવી કેમેરા લગાવવાની માંગ માટે સાંસદશ્રીએ નેત્ર યોજના થકી આ




કાર્ય પૂર્ણ થાય તે માટેની યોગ્ય કાર્યવાહી કરવા પણ સંબંધિત અધિકારીને સૂચના આપી હતી.

જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાએ જણાવ્યું હતું કે, કોઈપણ કાર્યને સફળ બનાવવા અને યોજનાઓના લાભ સાચા લાભાર્થીઓને આપવા માટે જનપ્રતિનિધિ અને સ્થાનિક તંત્ર વચ્ચે સુમેળભર્યું સંકલન હોવું ખૂબ જરૂરી છે. સાચા લાભાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓના લાભ આપવા અને જનસુખાકારી કામોને પ્રાધાન્ય આપવા માટે વહીવટી તંત્ર કટિબદ્ધ છે. તાજેતરમાં યોજાયેલ ગ્રામ સ્વાગત કાર્યક્રમમાં દહેગામ તાલુકામાંથી મળેલ ૧૩૪ લોક પ્રશ્નોનો યોગ્ય નિરાકરણ લાવવામાં આવશે. તાલુકા સ્વાગતમાં પણ વધુને વધુ જન પ્રશ્નોને વાચા મળે તેવું સૌએ સાથે મળીને કાર્ય કરવાનું છે.

આ પ્રસંગે દહેગામ ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણ, ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌતમ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી બી.કે.પટેલ, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી બ્રિજેશ મોડિયા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી જાનવી પટેલ, દહેગામ મામલતદાર શ્રી આર.જી.ઠેસિયા સહિત સ્થાનિક પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.